Friday
20.06.2025
✳Volume :9 ✳ Issue No.337
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વતનભૂમિ વડનગરમાં ઉજવાશે રાજયકક્ષાનો ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

"યોગ ફોર વન અર્થ - વન હેલ્થ"ની થીમ અને ગુજરાતમાં "સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત"ના ધ્યેય સાથે યોગ દિવસની જન સહભાગીતાથી રાજ્યવ્યાપી ઉજવણી થશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વડનગરમાં સામૂહિક યોગ કાર્યક્રમમાં જોડાશે

કમલમ્,

૧૧માં આંતરરાષ્ટ્રીય યોગદિવસની રાજ્ય કક્ષાની ઉજવણી ૨૧મી જૂન ૨૦૨૫, શનિવારના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગરમાંકરવામાં આવશે."યોગ ફોર વન અર્થ-વન હેલ્થ"ની થીમ સાથે ઉજવાનારા આ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગદિવસ સાથે સમગ્ર ગુજરાતમાં આ ઉજવણીમાં "સ્વસ્થ ગુજરાત-મેદસ્વીતા મુક્ત ગુજરાત"નો ધ્યેય પણ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગદિવસનાસમગ્ર રાજ્યવ્યાપીઆયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વડનગરના તાના-રીરી ગાર્ડનમાં ૨૧મીજુને સવારે ૬:૦૦કલાકથી યોજાનારા રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમમાં જોડાશે. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ રમત-ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી અને અન્ય અગ્રણીઓ પણ આ રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ભારતની પ્રાચીન સ્વાસ્થ્ય અને શારીરિક સુખાકારી પરંપરા એવા યોગને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ પ્રયાસો થી વૈશ્વિક સ્વીકૃતિ મળીછે અને યુનાઈટેડ નેશન્સમાં ૧૭૭ દેશોના સમર્થનથી વિશ્વભરમાં યોગદિવસની ઉજવણી ૨૧મીજૂને કરવાનુ સ્વીકારવામાં આવ્યું છે. તદઅનુસાર, સમગ્ર વિશ્વમાં ૨૦૧૫થી ૨૧મી જૂને સામુહિક યોગના કાર્યક્રમોથી આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાય છે તે શ્રૃંખલામાં આવર્ષે ૧૧મો યોગદિવસ ઉજવાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ ૧૧મા

આંતરરાષ્ટ્રીય યોગ દિવસે યોગ સાધનામાં વિશાખાપટ્ટનમથી જોડાશે અને દેશવાસીઓને મેદસ્વિતા મુક્તિ સાથે યોગ દ્વારા સ્વાસ્થ્ય-તંદુરસ્તીની પ્રેરણા આપતો સંદેશ પણ આપશે. તા. ૨૧મી જૂન ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીના સ્થળ વડનગર સહિત વિવિધ સ્થળો એ વડાપ્રધાનશ્રીના આ સંદેશના જીવંત પ્રસારણનું આયોજન પણ કરવામાં આવ્યુ છે. ગુજરાતભરમાં આ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગદિવસને વ્યાપક જનભાગીદારીથી ઉજવવાનું વિસ્તૃત કાર્યઆયોજન રાજ્ય સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા રાજ્ય યોગ બોર્ડના સહયોગથી હાથ ધરવામાં આવ્યું છે. આ વર્ષે રાજ્ય ભરમાંથી અંદાજે ૧ કરોડ ૫૦ લાખથી વધુ નાગરિકોની સહભાગીતાથી યોગ દિવસ ઉજવવાનું લક્ષ્ય રાખવામાં આવેલું છે. યોગ દિવસ-૨૦૨૫ની ઉજવણીના કાઉન્ટડાઉન અન્વયે અત્યાર સુધીમાં જુનાગઢ,પોરબંદર, સુરત, વડોદરા અને અમદાવાદ ઉપરાંત જિલ્લા-તાલુકા કક્ષાએ અંદાજે ૧ હજારથી વધુ વ્યક્તિઓની ક્ષમતાના ૩ પથી વધુ કાર્યક્રમો કરવામાંઆવ્યાછે. રાજ્યભરમાં યોગ પ્રત્યેનું પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ થાય અને વધુને વધુ લોકો ૨૧મી જૂને યોગ દિવસમાં જોડાય તે હેતુસર તા.૧૫થી ૨૦ જૂન દરમિયાન દરેક જિલ્લાઓમાં કોમનયોગ પ્રોટોકોલના કાર્યક્રમો પણ યેજવામાં આવ્યાહતા. એટલું જ નહીં, પોલીસતંત્ર દ્વારાયોગ રેલી અને યોગ સત્રનું આયોજન, ગ્રામસભાઓના આયોજનથી ગ્રામીણ સ્તરે પણ યોગનો પ્રચાર, નગરપાલિકા-મહાનગર પાલિકા કક્ષાએ વોર્ડ તેમજ બગીચા અને જાહેર સ્થળોએ આવા કોમન યોગ પ્રોટોકોલ કાર્યક્રમો પાર પાડવામાં આવ્યા છે. રાજ્યના જિલ્લા મથકો, નગરો-મહાનગરોમાં સ્થાનિક આઈકોનિક સ્થળો પસંદ કરીને યોગ કાર્યક્રમ યોજવાનું

૧૭ મહાનગરપાલિકા-નગરપાલિકા - ૧૮,૨૨૬ ગ્રામ પંચાયતો - ૨૫૧ તાલુકા પંચાયતો –શાળા-કોલેજો - ૬૫૦૦ વેલનેસ સેન્ટર્સ – ૩૩ જિલ્લાઓના પોલીસ હેડક્વાટર્સ - પોલીસ મથકો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો - ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં અને ૧૦૦ જેટલા અમૃત સરોવરના સ્થળોએ સામૂહિક યોગ સાધના કાર્યક્રમો

આયોજન પણ હાથધરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રીની વતનભૂમિ વડનગરમાં શર્મિષ્ઠા તળાવ, હાટકેશ્વર મહાદેવ મંદિર, તાના-રીરી ગાર્ડન, કીર્તિ તોરણ, પ્રેરણા સ્કૂલ, વડનગર રેલ્વે સ્ટેશન તથા વડનગર મ્યુઝિયમ,પ્રેરણા સ્ટ્રીટ, વોચ ટાવર, હાથી દેરાસર અને બી.એન.શાહ હાઈસ્કૂલએમ ૧૧ આઈકોનિક સ્થળો પર યોગ અને સૂર્ય નમસ્કારના કાર્યક્રમો યોગ દિવસ કાઉન્ટડાઉન રૂપે યોજવામાં આવ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન-જનને યોગ સાથે જોડીને સ્વસ્થ-તંદુરસ્ત રહેવાનું જે આહવાન કર્યું છે તેને ૧૧માં વિશ્વ યોગ દિવસે સાકાર કરવાગુજરાતે ગ્રામ્ય કક્ષાથી લઈને મહાનગરો સુધી જન ભાગીદારી સાથે યોગ કાર્યક્રમનું વ્યાપક આયોજન કર્યું છે. તદ્અનુસાર, ૧૮,૨૨૬ ગ્રામ પંચાયતો અને ૨૫૧ તાલુકા પંચાયતો ખાતે પણ યોગ દિવસનીઉજવણીમાં અંદાજે ૧૦.૪૦ લાખ લોકોને જોડવાનું આયોજન છે. શાળા કોલેજોના છાત્રો પણ આ યોગ દિવસે ઉત્સાહપૂર્વક સહભાગી થાય તે માટે ૪૫ હજાર પ્રાથમિક શાળાઓ, ૧૨,૫૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ ૨૬૦૦ કોલેજ અને ૩ યુનિવર્સિટી મળી ૬૦,૧૦૦ સ્થળોએ શિક્ષકો-વિદ્યાર્થીઓ મળીને અંદાજે ૫.૭૩ લાખ લોકો યોગમય બનશે.

આ ઉપરાંતરાજ્યની ૨૮૭ ઔધોગિક તાલીમસંસ્થા, ૧૪૭૭ પી.એચ.સી., ૬૫૦૦ વેલનેસ સેન્ટર્સ, ૩૦ જેલ, ૩૩ પોલીસ હેડક્વાટર્સ અને ૧૧૫૨ પોલીસ મથકો ખાતે પણ યોગ દિવસ ઉજવવામાંઆવશે. રાજ્યમાં ૧૦૦ જેટલા અમૃત સરોવરના સ્થળોએ પણ સામુહિક યોગ કાર્યક્રમ યોજાશે.

ગુજરાતે ગત વર્ષે ૧૦મા વિશ્વ યોગદિવસની ઉજવણીમાં ૧ કરોડ ૩૧ લાખ લોકોની સહભાગીતાથી અગ્રેસરતા મેળવી હતી.આ વર્ષે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગદિવસના ઉપલક્ષમાં વડનગરનાતાના-રીરીગાર્ડન ખાતે ભુજંગાસનમાં નવો વર્લ્ડ રેકર્ડ પ્રસ્થાપિત કરવાનું લક્ષ્ય ગુજરાતે રાખ્યુ છે.

૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ભૂજંગાસન મુદ્રામાં વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કરવાનું ગુજરાતનું લક્ષ્ય

કમલમ્,

ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના પુણ્ય સ્મરણમાં આયોજિત શ્રદ્ધાંજલિ સભામાં કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત તેમજ કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે હાજરી આપી, તેમના પરિવારજનોને શોક સંવેદના વ્યક્ત કરી. ઈશ્વર તેમની પવિત્ર આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી.

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી વિજયભાઈ રૂપાણીની સ્મૃતિવંદના માટે ગાંધીનગરના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહ્યા હતા અને સ્વ. વિજયભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

કમલમ્,

સિદ્ધપુરમાં ચોમાસાના પ્રારંભ સાથે જ વરસાદના અનુસંધાને કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ના અધ્યક્ષતામાં પ્રાંત કચેરી ખાતે બેઠક યોજાઈ આ બેઠકમાં નીચાણવાળા વિસ્તારના વરસાદી પાણીના નિકાલ અંગે માહિતી મેળવી. આ બેઠકમાં નગરપાલિકા પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, નગરપાલિકાના કોર્પોરેટરશ્રી, એ.પી.એમ.સી ચેરમેન તેમજ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા: આઠ મહત્વપૂર્ણ નિર્ણયો પર મંજૂરીની મહોર

કમલમ્,ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન, સેક્ટર-૧૭ખાતે , મેયર શ્રીમતી મીરાબેન પટેલના અધ્યક્ષાસ્થાને બપોરે ૧૨:૦૦ કલાકે યોજાઈ હતી. આ સભામાં શહેરના વિકાસ અને નાગરિકોના કલ્યાણને ધ્યાનમાં રાખીને કુલ આઠ મહત્વપૂર્ણ મુદ્દાઓપર ચર્ચા-વિચારણા બાદ મંજૂરી આપવામાં આવી હતી. સભાની શરૂઆતમાં અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાના દુઃખદ બનાવને લઈ સભ્યોએ મૌન પાળીને મૃતકો પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરી.આ સભામાં લેવાયેલા મુખ્ય નિર્ણયોમાં ગત સભાના પ્રોસીડીંગ્સને મંજૂરી આપવામાંઆવીહતી. આ ઉપરાંત, ગાંધીનગર મહાનગરપાલિકાના સેક્ટર-૩૦ ખાતેલેબર કોલોનીમાં રૂમનાં ભાડાંનાં દર અંગે પણ મંજૂરી અપાઈ. એક મહત્વપૂર્ણ નિર્ણય મુજબ, મુક્તિધામ શાખા હસ્તક સેક્ટર-૩૦ ખાતેના મુક્તિધામમાંસી.એન.જી. મારફત અગ્નિસંસ્કાર કરવાનાચાર્જ તેમજ દફનવિધિકરવાના લેવાતાં ચાર્જમાં ઘટાડો કરી, લાકડા મારફત અગ્નિસંસ્કાર માટે લેવાતાં ?૧/- મુજબ ચાર્જ કરવા અંગે મંજૂરી આપવામાં આવી હતી. શૈક્ષણિક ક્ષેત્રે, ગાંધીનગર મહાનગરપાલિકાની યુ.સી.ડી. વિભાગ હેઠળની લાઈબ્રેરી શાખા હસ્તકની લાઈબ્રેરીઓનું સુચારું વ્યવસ્થાપન કરવા અંગે, લાઈબ્રેરીઓના નીતિવિષયક બાબતોને અમલમાં મૂકવા તેમજ કુડાસણ લાઈબ્રેરી માટે પુસ્તકો ખરીદ કરવા અંગે મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ વાવોલ કોમ્યુનિટી હોલનું ભાડું/ડિપોઝિટ અને નિયમો નક્કી કરવાઅંગે મંજૂરીઆપવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જુલાઈ-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

ક્રમ	કેટેગરી	અનાજ	મળવાપાત્ર જથ્થો
૧	અંત્યોદય કુટુંબો (AAY)	ઘઉં	કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા.
૨		ચોખા	કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા.
૩	અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)	ઘઉં	વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા.
૪		ચોખા	વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ઓગસ્ટ-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

ક્રમ	કેટેગરી	અનાજ	મળવાપાત્ર જથ્થો
૧	અંત્યોદય કુટુંબો (AAY)	ઘઉં	કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા.
૨		ચોખા	કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા.
૩	અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)	ઘઉં	વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા.
૪		ચોખા	વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા.

ક્રમ	આવશ્યક ચીજવસ્તુ	કેટેગરી	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા.
૧	તુવેર દાળ	N.F.S.A. કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૫૦
૨	ચણા	N.F.S.A. કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૩૦
૩	ખાંડ	અંત્યોદય કુટુંબો	[illegible]	૧૫
૪		બીપીએલ કુટુંબો	[illegible]	૨૨
૫	મીઠું	N.F.S.A. કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.	૧

- અગત્યની સૂચના

ગુજરાત રાજ્યની તા.૧૧/૦૬/૨૦૨૫ થી પ્રસિદ્ધિ માટે મંજૂરી મેળવવામાં આવેલ છે

તંત્રી સ્થાનોથી......

રાષ્ટ્રીય રક્ષાયુનિવર્સિટી (RRU) ના સ્કૂલઓફ બિહેવિયરલ સાયન્સીસ એન્ડફોરેન્સિક ઈન્વેસ્ટિગેશન્સ (SBSFI) દ્વારા "સોશિયલ મીડિયાઅને કિશોરોનામાનસિક આરોગ્ય" વિષય પર આધારિત પ્રથમ આંતરરાષ્ટ્રીય ડિજિટલ માનસિક આરોગ્ય અને કલ્યાણ સંમેલન - એકદિવસીય આંતરરાષ્ટ્રીય ઓનલાઈન CRE કાર્યક્રમ સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યો. આ સંમેલનમાં ભારત, કેનેડા, ચીન, અમેરિકા અને નેપાળ સહિત ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૫૦૦થી વધુનિષ્ણાતો, શિષ્યોઅને વ્યવસાયિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઊમટેલા સાથ અને સહભાગિતાએ RRU ની વૈશ્વિક હાજરી અને સાક્ષાત સામયિક પડકારોને શૈક્ષણિક શ્રેષ્ઠતા તથા સહયોગાત્મક દૃષ્ટિથી ઉકેલવા પ્રતિબદ્ધતાને સ્પષ્ટ કરી છે. ડિજિટલ યુગમાં, જ્યાં વર્ચ્યુઅલ વાતાવરણ કિશોરોની ઓળખ, સંબંધો અને ભાવનાત્મક સુખાકારીપર ઊંડોઅસર કરે છે, ત્યાંડિજિટલ માનસિક આરોગ્યને માત્ર તબીબી મુદ્દો ન ગણાવીને, જાહેર આરોગ્ય અને સામાજિક જવાબદારી તરીકે પણ જોવાનો આગ્રહ આ કાર્યક્રમમાં કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાંખ્યાતનામ તજજ્ઞોના જ્ઞાનવર્ધક અને વિચારોને ઝુંખનારા સત્રો સામેલ હતા, જેમ કેઃ ડો. યતન પાલ સિંહ બલ્હારા, પ્રોફેસર, મનોવૈજ્ઞાનિક વિભાગ, NDDTC અને AIIMS, નવી દિલ્હી; ડો. મનોજકુમાર શર્મા, પ્રોફેસર, ક્લિનિકલ સાયકોલોજી, NIMHANS, બેંગલુરુ; ડો. નિતિન આનંદ, એડિશનલ પ્રોફેસર, ક્લિનિકલ સાયકોલોજી, NIMHANS, બેંગલુરુ; ડો. સુરજ શાક્ય, એસિસ્ટન્ટ પ્રોફેસર, ક્લિનિકલ સાયકોલોજી, ત્રિભુવન યુનિવર્સિટી, નેપાળ.

મોડાસામા જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે વિમાન દુર્ઘટનાના તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પવા શોકસભા યોજાઇ

કમલમ્, ધાર્મિક ભટ્ટ અરવલ્લી

મોડાસામા કમલમ ખાતે અરવલ્લીજીલ્લા ભારતીય જનતા પાર્ટીના ઉપક્રમે જિલ્લા ભાજપ પ્રમુખ ભીખાજી ઠાકોર અને મંત્રી ભીખુસિંહ પરમારની ઉપસ્થિતિમાં વિમાન દુર્ઘટનાના તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પવા એક શોકસભા યોજાઇ હતી. જેમાં પૂર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, અરવલ્લીના મોડાસા શહેર, ખંભીસર અને બાયડની જાન ગુમાવનાર ત્રણ મહિલાઓ અને આ દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ મૃતકોના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું અને સવારના૯ થી૧૧ દરમિયાનની આ શોકસભામાંઅરવલ્લી જિલ્લા ભાજપના સંગઠનના હોદેદારો, તમામ તાલુકા અને શહેરના સંગઠનના હોદ્દેદારો, જીલાપ્રાંચાયતપ્રમુખ, પાલિકા પ્રમુખ, તાલુકા જિલ્લા યુવા મોરચા અને તાલુકા ભાજપ યુવા મોચા, મહિલા મોરચા સહિતના કાર્યકરો, સહકારી આગેવાનો ઉપસ્થિતરહ્યા હતા.

શ્રી રાયચંદ સ્વરૂપચંદ આચાર્ય આદર્શ વિદ્યાસંકુલ, ડીસા (અંગ્રેજી માધ્યમ) માં નવીન કમ્પ્યુટર લેબ નું ઉદઘાટન



કમલમ્, આનંદ ઠક્કર ડીસા

શ્રી રાયચંદસ્વરૂપચંદ આચાર્યઆદર્શવિદ્યાસંકુલમાં વિદ્યાભારતી સંલગ્ન શ્રી રામેશ્વરજી અગ્રવાલ આદર્શ પ્રાથમિક શાળામાં તા-૧૯/૦૬/૨૫ ના રોજ નવીન કમ્પ્યુટર લેબ ના ઉદઘાટનનો કાર્યક્રમ યોજાયો. જેમાં દાતા શ્રી શંકરભાઈ મુલચંદભાઈ ખત્રીના હસ્તે કમ્પ્યુટર લેબનું ઉદઘાટનકરવામાં આવ્યું તેમજ તેમના પરિવારના કમ્પ્યુટર લેબના દાતા સ્વર્ગસ્થ ગૌરીબેનમુલચંદભાઈ અને લાલજીભાઈ કીરીહસ્તે મયુરભાઈ શંકરભાઈ કીરીનું યોગદાન રહ્યું. આપ્રસંગે દાતાશ્રી શંકરભાઈ મુલચંદ ખત્રીતરફથી અગિયાર લાખ રૂપિયાના દાનની જાહેરાતકરવામાં આવી. આ પ્રસંગે શ્રી સંસ્કાર મંડળ ડીસાના ટ્રસ્ટીઓ, નગરના પ્રતિષ્ઠિત નાગરિકો, વાલીશ્રીઓપણ ઉપસ્થિતરહ્યા. કાર્યક્રમ દરમિયાન શાળામાં યોજાયેલ ઓલમ્પિયાડ પરીક્ષામાંઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા. ઓલમ્પિયાડ પરીક્ષામાંનેશનલ લેવલ ધોરણ-૧ માંવિજ્ઞાન વિષયમાંતૃતીય ક્રમાંકમેળવેલ શ્રી ઈશાન દીપકભાઈ ઠક્કરને શિષ્યવૃત્તીઅને મેડલ આપી વિશેષસન્માનિત કરવામાં આવેલ છે.

કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી નિમુબેન બાંભણીયાએ બોટાદ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની લીધી મુલાકાતઃ બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી સહિતના અધિકારીશ્રીઓ રહ્યા ઉપસ્થિત

મંત્રીશ્રીએ લાઠીદડ પાસે ઈકો કારમાં તણાયેલા નાગરિકોના પરિવારજનોને સાંત્વના આપીઃ રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન મળેલા મૃતદેહોને તેમના પરિવારજનોને સોંપાયા

ગમગીન માહોલમાં મંત્રીશ્રીએ મૃતકોના પરિજનોને હિંમત પૂરી પાડી, મુલાકાત બાદ બોટાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી સ્થિતિનો મેળવ્યો તાગ

કમલમ્,

છેલ્લા થોડા દિવસોથી બોટાદ જિલ્લામાં પડી રહેલા વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિના અનુસંધાને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ બોટાદ જિલ્લાની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ બોટાદ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત વિવિધ વિસ્તારોનું સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું.

મંત્રીશ્રીએ લાઠીદડ ખાતે આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે ઈકો કારમાં તણાઈ ગયેલા નાગરિકોના સ્વજનોને મળી તેમને સાંત્વના આપી હતી અને શક્ય મદદની ખાતરી આપી હતી. લાઠીદડ પાસે પાણીના વહેણમાં તણાયેલી ઈકો કારમાં સવાર યાત્રીકોને શોધવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું હતું,

જે અંતર્ગત શોધખોળ દરમિયાન મળેલા મૃતદેહો તેમના પરિવારજનોને સોંપાયા હતા. આ ગમગીન માહોલમાં મંત્રીશ્રીએ મૃતકોના પરિજનોને હિંમત પૂરી પાડી હતી. મુલાકાત બાદ જિલ્લા કલેક્ટરકચેરી ખાતેસમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં મંત્રીશ્રીએ સમગ્ર રાહત કામગીરી અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. જિલ્લાવહીવટી તંત્રને અને સંલગ્ન અધિકારીઓને તાકીદેપગલા તેમજ ભવિષ્યમાં મુશળધાર વરસાદ કે કોઈ પણ કુદરતી આપત્તિ માટે તંત્રનેસજ્જ રહેવાસૂચના આપવામાં આવી હતી.

સાથોસાથ એમ્બ્યુલન્સ સેવા, દવાઓની ઉપલબ્ધિ, તાત્કાલિક આશ્રય સ્થળોની વ્યવસ્થાવગેરે મુદ્દાઓપર વિસ્તૃત ચર્ચાકરી હતી.

આ બેઠકમાં સંકલનના તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાહતા.

ત્યારબાદ મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ બોટાદ શહેરનાભાવનગર રોડની મુલાકાત લીધી હતી. તેમની સાથે બોટાદના જિલ્લાકલેક્ટરશ્રી ડો. જીન્સી રોય, જિલ્લા વિકાસઅધિકારીશ્રી અક્ષય બુડાનિયા, નિવાસી અધિક કલેક્ટરશ્રી પી.એલ.ઝણકાત, બોટાદ જિલ્લાપોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બલોળીયા સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીના આહ્વાન પર, ગ્રામ પંચાયતો IDY 2025 ની ઐતિહાસિક રાષ્ટ્રવ્યાપી ઉજવણી માટે તૈયારી કરી રહી છે

પ્રધાનમંત્રીનો ગ્રામ પ્રધાનોને IDY 2025 માટે સમુદાયની ભાગીદારીનું નેતૃત્વ કરવા અનુરોધ

પ્રધાનમંત્રીના હૃદયસ્પર્શી આહ્વાનથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સાચા જન-આંદોલનમાં પરિવર્તિત કરવામાં આવ્યો છે, જેમાં ભારતના ગામડાઓ યોગને જીવનનો માર્ગ તરીકે સ્વીકારે છેઃ આયુષ મંત્રી

કમલમ્,

દેશભરની પંચાયતો આગામી આંતરરાષ્ટ્રીય યોગદિવસ (IDY) ને ઐતિહાસિક બનાવવા માટે મોટા પાયે એકત્રીકરણ સાથે તૈયારીઓ કરી રહી છે. આ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પત્રના જવાબમાં છે જ્યાં તેમણે ગ્રામ પ્રધાનોને તેમના પંચાયત વિસ્તારના નાગરિકોને આંતરરાષ્ટ્રીય યોગદિવસમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા અને પ્રેરણા આપવા અપીલ કરી હતી. પ્રધાનમંત્રીએ પત્ર દ્વારા ગ્રામ પ્રધાનોને યોગને સામુદાયિક જીવનનો ભાગ બનાવવા માટે આગળઆવી નેતૃત્વકરવા વિનંતી કરી હતી. ઉત્સાહ સાથે પ્રતિભાવ આપતા, પંચાયતો શાળાઓ, આંગણવાડીઓ, પંચાયત ભવનો અને જાહેર સ્થળોએ ખાસ યોગ સત્રો, સમુદાય આઉટરીચ પ્રવૃત્તિઓ અને સામાન્ય યોગ પ્રોટોકોલ પ્રદર્શનોનુંઆયોજન કરી રહીછે. જે IDY 2025નેગ્રામ્ય સ્તરે સાચા જન-આંદોલન (લોક ચળવળ)માંપરિવર્તિત કરીરહીછે. IDYના આગામી સંસ્કરણના મહત્વ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે તેફક્ત એક વૈશ્વિક ઉજવણી નથી. પરંતુ વૈશ્વિક મંચપર યોગનાપુનરુત્થાનની એક અર્થપૂર્ણ દાયકા લાંબી સફરના પૂર્ણાહુતિનું પણ પ્રતીક છે. "એ ગર્વની વાત છે કે યોગે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે," પત્રમાં પ્રધાનમંત્રીએઉલ્લેખ કર્યોહતો. આ વર્ષની થીમ - "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ" - ફક્ત વ્યક્તિગતસુખાકારી પર જ નહીં, પરંતુ માનવતા વચ્ચે એકતાની ભાવના, પર્યાવરણીય સંવાદિતા અને વૈશ્વિક કલ્યાણ પર ભાર મૂકે છે. પ્રધાનમંત્રીએ યોગને "આપણા સાંસ્કૃતિક વારસાનો અવિભાજ્ય ભાગ" ગણાવ્યો. જે શરીર અને મનને સંતુલિત કરે છે અને વ્યક્તિઓને એક સંપૂર્ણ અને શાંતિપૂર્ણ જીવન તરફ માર્ગદર્શન આપેછે. તેમણેભારપૂર્વક જણાવ્યું હતું કે યોગ શારીરિક અને માનસિકરીતેમજબૂત નાગરિકોને પ્રોત્સાહન આપીને વિકસિત ભારતના રાષ્ટ્રના સામૂહિક દ્રષ્ટિકોણમાં સશક્તીકરણની ભૂમિકા ભજવે છે. પ્રધાનમંત્રીએ પોતાના પત્રમાં ગ્રામ પ્રધાનોને પંચાયત ભવનો, આંગણવાડીઓ, શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જેવા સામુદાયિક સ્થળોએ યોગ સત્રોનું આયોજન કરીને ગ્રામજનોની મહત્તમ ભાગીદારી એકત્રિત કરવા હાકલ કરી હતી. પ્રધાનમંત્રીએ તેમને બાળકો, યુવાનો, મહિલાઓ અને વૃદ્ધો - બધા વર્ગોની સમાવેશી ભાગીદારી સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. જેથી દરેક નાગરિક યોગના ફાયદાઓનો અનુભવ કરી શકે. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પહેલ દરેક ઘર સુધી પહોંચશે અને લોકોને યોગને તેમના રોજિંદા જીવનનો ભાગ બનાવવા માટે પ્રેરણા આપશે. કેન્દ્રીય આયુષ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી પ્રતાપરાવ જાધવે દેશભરની ગ્રામ પંચાયતોના પ્રયાસોની પ્રશંસા કરી અને કહ્યું: "ગ્રામ પંચાયતો તરફથી મળેલો જબરદસ્ત પ્રતિસાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી નેતૃત્વનો પુરાવો છે. તેમના હૃદયસ્પર્શી આહ્વાનથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સાચા જન-આંદોલનમાં પરિવર્તિત કરી દેવામાં આવ્યો છે, જેમાં ભારતભરના ગામડાઓ યોગને જીવનશૈલી તરીકે અપનાવી રહ્યા છે. આપાયાના પ્રયાસો યોગ દ્વારા સાકલ્યવાદી સ્વાસ્થ્ય પ્રત્યે ઊંડા સાંસ્કૃતિક જોડાણ અને વધતી જતી જાહેર પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે." ઉત્તર પ્રદેશના જૌનપુરના કેરાકટમાં આવેલા પરિયારી ગામના સરપંચ ઓમ પ્રકાશ યાદવે જણાવ્યું કે કેવી રીતે પ્રધાનમંત્રીનો પત્ર સમુદાય માટે હૃદયસ્પર્શીઅને પ્રેરણાદાયક સંદેશ હતો. "આ પત્ર પ્રધાનમંત્રીના વ્યક્તિગતસંદેશ જેવો લાગ્યો અને તે ખરેખર આપણા આખા ગામને યોગ અપનાવવા માટે પ્રેરિત કરે છે," તેમણે કહ્યું. આ અપીલ બાદ, ગામમાં પંચાયત ભવનમાં સાપ્તાહિક યોગ સત્રોનું આયોજન શરૂ થયુંઅને શાળાનાબાળકો માટે તેમના આત્મવિશ્વાસઅને શિસ્તને વધારવા માટે યોગ સ્પર્ધાઓ શરૂ કરવામાં આવી છે. ગામના તમામ વર્ગોમાંથી ઉત્સાહપૂર્વક ભાગ લઈને, એક ખાસ 'યોગયાત્રા' પણ કાઢવામાં આવી, જેમાં વ્યાપક જાગૃતિ અને યોગ દ્વારા એકતાની મજબૂત ભાવના ઉભી થઈ છે. દમોહના બંદકપુર ગામના ગ્રામ પ્રધાન સુનિલ કુમાર ડબલ્યુએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી સંદેશ બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો. તેમણે જણાવ્યું કે "પ્રધાનમંત્રીની ઐતિહાસિક પહેલેયોગને ખરેખર એક જન આંદોલનમાં પરિવર્તિત કર્યો છે, જે દેશભરના દરેક ગામ સુધીપહોંચ્યો છે,"પોતાના ગામની તૈયારીઓશેર કરતાતેમણે ઉમેર્યું, "અમે અમારા પંચાયત વિસ્તારમાં મહત્તમ સમુદાય ભાગીદારી સુનિશ્ચિત કરી રહ્યા છીએ અને ૨૦૨૫ના આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સામાન્ય યોગ પ્રોટોકોલ હેઠળ એક ખાસ યોગ સત્રનું આયોજન કરીશું. અમારા ગ્રામજનો આ સામૂહિક પ્રથામાં ભાગ લેવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યાછે."તેમણે એપણ ઉલ્લેખ કર્યો કે પંચાયત સ્તરે એક વ્યાપક જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. જેથી ખાતરી કરી શકાય કે દરેક ઘરનેઉજવણીમાં જોડવામાટે જાણ કરવામાં આવે અને પ્રેરણા મળે. ઉત્તર પ્રદેશના કાનપુર દેહાતમાં ગ્રામપંચાયત ખેરા કુર્સીના સરપંચ પવની મિશ્રાએ પ્રધાનમંત્રીનો પત્ર મળતાં ગર્વઅને પ્રેરણાવ્યક્ત કરી. "આ અમારા માટે ખૂબ જ સન્માનની વાત છે," તેમણે શેર કર્યું. "આ પત્રથી અમને ફક્ત યોગનો અભ્યાસ કરવા જ નહીં પરંતુ તેને જીવનશૈલી તરીકે અપનાવવા માટે પણ પ્રેરણા મળી છે." IDY 2025નીતૈયારીમાં, પંચાયતે તમામ વય જૂથો માટે ખાસ યોગ કાર્યક્રમો શરૂ કર્યા છે. પર્વતીય વિસ્તાર હોવા છતાં, સ્થાનિક યુવાનો ઓપન એર યોગ સ્થળ વિકસાવવા માટે ભેગા થયા છે, જ્યાં હવે નિયમિત સવારના સત્રો યોજવામાં આવે છે. મહિલા જૂથોએ 'સ્વાસ્થ્ય એ સંપત્તિછે' થીમ હેઠળ જાગૃતિ અભિયાન પણ શરૂ કર્યું છે, જેમાંયોગ અનેપોષણ પર ચર્ચાઓ યોજાઈ છે. વધુમાં, 'યોગ દ્વારા સમૃદ્ધિ' થીમ પર ગ્રામ્ય સ્તરની ચિત્રકામ અને નિબંધ સ્પર્ધાઓમાંબાળકોનો ઉત્સાહપૂર્ણ ભાગ જોવા મળ્યો. "અમને વિશ્વાસ છે," તેમણે ઉમેર્યું, "આ સામૂહિક પ્રયાસ દ્વારા, IDY 2025 પાયાના સ્તરે એક ઐતિહાસિક અને ખરેખર લોકોના નેતૃત્વ હેઠળ ઉજવણી બનશે."

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખીને ગાંધીનગર સ્થિત 'ફલડ કંટ્રોલ સેલ'ની મુલાકાત કરીને સમીક્ષા કરતા જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળીયા

જળ સંપત્તિ મંત્રીશ્રીએ બોટાદ, ભાવનગર અને રાજકોટમાં હોટલાઇન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ-જળાશયોની વિગતો મેળવી

કમલમ્,

રાજ્યમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાને રાખીને સ્ટેટ વોટર ડેટા સેન્ટર, સેક્ટર -૦૮, ગાંધીનગર સ્થિત 'Flood Control Cell'ની આજે જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજી બાવળીયાએ રૂબરૂમુલાકાતકરીને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સાવચેતીના ભાગરૂપે જરૂરી સૂચનો કર્યા હતા. જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈએ સમીક્ષા બેઠક દરમિયાન કહ્યું હતું કે, ઉપરવાસમાં અથવા સ્થાનિક સ્તરે જ્યારે વધુ વરસાદ થાય ત્યારે સ્થાનિક જળાશયોમાં પાણીની આવક થતી હોય છે. આ સમયે સાવચેતીના ભાગરૂપેહાઈ એલર્ટ, એલર્ટઅને વોર્નિંગ જાહેર કરવામાં આવે છે તેનો સંબંધિત અધિકારીઓને મોકલવાની સાથેસાથે જિલ્લા કલેક્ટર, વહીવટી તંત્રને પ્રાપ્ત થાય તે માટે વ્યવસ્થા કરવી જોઈએ, જેથી તેઓ આગોતરી જાણ સ્થાનિક સ્તરે કરી શકે અને જાન-માલહાનિ ટાળી શકાય.

તેમણે કહ્યું હતું કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન-૨૦૨૫ મુજબ જળસંપત્તિ વિભાગ વિવિધ વિભાગો સાથે સંકલન કરીને તેનું યોગ્ય રીતેઅમલીકરણ કરી રહી છે. જેના ભાગરૂપે ચોમાસામાં વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા સ્ટેટ વોટર ડેટાસેન્ટર ખાતે દર વર્ષે તા. ૦૧ જૂનથી થી ૦૧ ઓક્ટોબર દરમિયાન ફલડ સેલ કાર્યરત કરવામાં આવે છે. જેમાં આકસ્મિક સંજોગોમાં જિલ્લામાંથી ત્વરિત માહિતી -વિગતો માટે રાજ્ય સરકાર દ્વારા૧૨ હોટલાઈન તેમજ ૧૪ સેટેલાઈટ ફોન 24*7 કાર્યરત કરાવવામાં આવ્યા છે. રિઝર્વર ડેટામેનેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત ડેમ્સ વોર્નિંગ સ્ટેટસ એન્ડ રેઈનફોલના માધ્યમથી રાજ્યમાં વરસાદ અને જળાશયોની સ્થિતિ અંગેની પૃથ્થકરણ સાથેની આંકડા આધારિત અદ્યતન માહિતી આ ડેટા સેન્ટર ખાતે ઉપલબ્ધ કરવામાં આવેછે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈએ આ મુલાકાત દરમિયાન બોટાદ, ભાવનગર અને રાજકોટમાં હોટલાઈન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ-જળાશયોની વિગતો મેળવીને જરૂર સૂચનાઓ આપી હતી. મંત્રીશ્રી સમક્ષ સ્ટેટ વોટર ડેટા સેન્ટરની કામગીરી દર્શાવતું વિવિધ વિગતો સાથેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત વેળાએ જળ સંપત્તિ વિભાગના ખાસ સચિવ શ્રી એમ.ડી.પટેલ, સુપ્રિટેન્ડેન્ટ ઈજનેર શ્રી બી.એચ.જોષી સહિત ઉચ્ચ અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં દિવગંત થયેલ ભાજપા નેતા અને ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીજી તથા અન્ય મૃતકોની આત્માની શાંતિ માટે સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા શ્રી કમલમ્ બારડોલી ખાતે પ્રાર્થના સભા યોજાઈ હતી.જેમાં શ્રદ્ધાંજલિ પાઠવી તેમજ આ પ્રસંગે તેમની સાથે અને તેમના દ્વારા કરેલ કર્યોને વાગોળ્યા હતા. આ નિમિતે ૨૩ બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, માંગરોલના ધારાસભ્યશ્રી ગણપત ભઈ વસાવા, ગુણવંત ભાઈ દેસાઈ, જિલ્લા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, મહામંત્રીશ્રીઓ જીગરભાઈ નાયક, રાજેશભાઈ પટેલ તથા જિલ્લા મંડળના પ્રમુખ અને મહામંત્રી શ્રી ઓ તેમજ હોદેદારો, પદાધિકારીઓ અને કાર્યકતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિએ ૨૦૨૩માં પૂર, ભૂસ્ખલન, વાદળ ફાટવાથી થયેલા નુકસાન પછી પુનર્નિર્માણ અને પુનર્વસન યોજના માટે હિમાચલ પ્રદેશને ૨૦૦૬.૪૦ કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાયને મંજૂરી આપી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર કુદરતી આપદાઓ અને આફતો દરમિયાન રાજ્ય સરકારો સાથે ખભે ખભો મિલાવીને ઉભી છે

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, કેન્દ્ર સરકારે SDRF હેઠળ ૨૮ રાજ્યોને ૨૦,૨૬૪.૪૦ કરોડ રૂપિયા અને NDRF હેઠળ ૧૯ રાજ્યોને ૫,૧૬૦.૭૬ કરોડ રૂપિયા જારી કર્યા છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિએ પૂર, ભૂસ્ખલન, વાદળ ફાટવાથી થયેલા નુકસાન પછીની પુનઃપ્રાપ્તિ અને પુનર્નિર્માણ યોજના ૨૦૨૩ માટે હિમાચલપ્રદેશને રૂ. ૨૦૦૬.૪૦ કરોડની કેન્દ્રીય સહાયને મંજૂરી આપી છે. નાણાંમંત્રી, કૃષિમંત્રી અને નીતિ આયોગના ઉપાધ્યક્ષાની બનેલી સમિતિએ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવભંડોળ (NDRF) હેઠળ પુનઃપ્રાપ્તિ અને પુનર્નિર્માણ ભંડોળ વિંડોમાંથી રાજ્યને નાણાકીય સહાય માટેના પ્રસ્તાવ પર વિચારણા કરીહતી. ઉચ્ચ સ્તરીય સમિતિએ હિમાચલપ્રદેશ માટે રૂ. ૨૦૦૬.૪૦ કરોડની પુનઃપ્રાપ્તિ યોજનાને મંજૂરી આપી છે, જે રાજ્યને ૨૦૨૩ના ચોમાસા દરમિયાન પૂર, વાદળફાટવા અને ભૂસ્ખલનથી થયેલાનુકસાન અને વિનાશમાંથી બહાર નીકળવામાં અને પુનર્નિર્માણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાંમદદ કરશે. આમાંથી, રૂ. ૧૫૦૪.૮૦ કરોડરાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ હેઠળ પુનઃપ્રાપ્તિ અને પુનર્નિર્માણ ભંડોળ વિંડોમાંથી કેન્દ્રનો હિસ્સો હશે. અગાઉ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ગૃહ મંત્રાલયે આ આપત્તિથી પ્રભાવિત હિમાચલ પ્રદેશ માટે NDRF તરફથી રૂ. ૬૩૩.૭૩ કરોડની વધારાની નાણાકીય સહાયને મંજૂરી આપી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રમોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારકુદરતીઆફતોઅને અન્ય આફતોદરમિયાન રાજ્ય સરકારો સાથે ખભે ખભો મિલાવીને ઉભી રહે છે. પ્રધાનમંત્રી મોદીના આપત્તિ-પ્રતિરોધક ભારતના વિઝનને પૂર્ણ કરવામાટે, ગૃહમંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ગૃહ મંત્રાલયે દેશમાં આફતોનુ અસરકારક સંચાલન સુનિશ્ચિત કરવામાટે અનેક પહેલ કરી છે. ભારતમાં આફતો જોખમ ઘટાડાપ્રણાલીનેમજબૂત બનાવીને આફતો દરમિયાન જાન-માલના કોઈપણ મોટા નુકસાનને રોકવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારેજોશીમઠ ભૂસ્ખલન પછી ઉત્તરાખંડ માટે ૧૬૫૮.૧૭ કરોડ રૂપિયા અને ૨૦૨૩ના GLOF ઘટના પછી સિક્કિમ માટે ૫૫૫.૨૭ કરોડ રૂપિયા પુનઃપ્રાપ્તિ (રીકવરી) યોજનાઓની મંજૂરી આપીહતી. આ ઉપરાંત કેન્દ્ર સરકારે શહેરી પૂર (૩૦૭૫.૬૫ કરોડ રૂપિયા), ભૂસ્ખલન (૧૦૦૦ કરોડ રૂપિયા), GLOF (૧૫૦ કરોડ રૂપિયા), જંગલમાં આગ (૮૧૮.૯૨ કરોડ રૂપિયા), વીજળી (૧૮૬.૭૮કરોડ રૂપિયા) અને દુષ્કાળ (૨૦૨૨.૧૬ કરોડ રૂપિયા) આ વિસ્તારોમાં બહુવિધ જોખમોના સંકટને ઘટાડવા માટે ૭૨૫૩.૫૧ કરોડ રૂપિયાના કુલ નાણાકીય ખર્ચ સાથે અનેક શમન યોજનાઓનેમંજૂરી આપીહતી. આ વધારાની સહાય રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (SDRF)માં કેન્દ્ર દ્વારા રાજ્યોને જારી કરાયેલા ભંડોળ ઉપરાંત છે, જે પહેલાથી જ રાજ્યો પાસે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, કેન્દ્ર સરકારે SDRF હેઠળ ૨૮ રાજ્યોને ૨૦,૨૬૪.૪૦ કરોડ રૂપિયા અને NDRF હેઠળ ૧૯ રાજ્યોને ૫,૧૬૦.૭૬ કરોડ રૂપિયાની સહાય જાહેર કરી છે. વધુમાં, રાજ્ય આપત્તિ નિવારણ ભંડોળ (SDMF)માંથી ૧૯ રાજ્યોને ૪૯૮૪.૨૫ કરોડ રૂપિયા અને રાષ્ટ્રીય આપત્તિ નિવારણ ભંડોળ (NDMF)માંથી ૦૮ રાજ્યોને ૭૧૯.૭૨ કરોડ રૂપિયાની સહાય પણ જાહેર કરવામાંઆવી છે.

સિટીઝન્સ સોસાયટી ઑફ ઈન્ડિયાના પ્રતિનિધિઓની રાજ્યપાલશ્રી સાથે મુલાકાત

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ 'કારગિલ વિજય કળશ યાત્રા'નું સ્વાગત કરી પુષ્પાંજલિ અર્પણ કરી

કમલમ્,

દેશભરમાંરાષ્ટ્રભક્તિ અને વીર સૈનિકોનીશૌર્યગાથાને જનજન સુધી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ સિટીઝન્સ સોસાયટી ઑફ ઈન્ડિયાના ૧૪ સભ્યોએ આજે રાજ્યપાલશ્રીઆચાર્ય દેવવ્રતજીની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિઓએ 'કારગિલ વિજય દિવસ'ની ૨૬મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત 'કારગિલવિજય કળશ યાત્રા' વિશે માહિતી આપી હતી. ગાંધીનગરમાં યાત્રાના આગમન પ્રસંગે રાજ્યપાલશ્રીએ યાત્રામાં સમાવિષ્ટ ૨૬ પવિત્ર કળશનું હાર્દિક સ્વાગત કરી પુષ્પાંજલિ અર્પણ કરીહતી. ઉલ્લેખનીય છે કે, 'કારગિલ વિજય કળશ યાત્રા' આ વર્ષે ૧૯ મે ૨૦૨૫ના રોજ ભારતના દક્ષિણ છેડે સ્થિત રામેશ્વરમ (તામિલનાડુ)થી શરૂ થઈ છે. આ યાત્રામાં ૨૬ પવિત્ર નદીઓના જળ, ૨૬ યુદ્ધ સ્મારકોની પાવન માટી અને દેશના ૨૬ રાજ્યોમાંથી ૨૬ બાળકો દ્વારા અર્પિત પુષ્પાંજલિઓથીભરેલા ૨૬ કળશનો સમાવેશ થાય છે. આ યાત્રા ૧૨ રાજ્યોના ૨૬ મુખ્ય શહેરોમાંથી પસાર થઈ ૨૬ જુલાઈએ લદ્દાખના દ્રાસ સ્થિત કારગિલ યુદ્ધ સ્મારકે સંપન્ન થશે, જ્યાં ભવ્ય શ્રદ્ધાંજલિ સમારોહ યોજાશે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આ પવિત્ર યાત્રા માટે તમામ સભ્યોને શુભેચ્છા પાઠવી અને દેશનીરક્ષા માટે પોતાના પ્રાણ અર્પણ કરનારા વીર શહીદોને શ્રદ્ધાંજલિઆપતાં કહ્યું કે, "સેનાએ દેશની સેવાકરીછે. અમે નાગરિકો સેનાના આભારી છીએ. સેનાના બલિદાનથી જ આપણે સુરક્ષિત છીએ." સિટીઝન્સસોસાયટી ઑફ ઈન્ડિયા એક સ્વૈચ્છિક-સેવાભાવી સંસ્થા છે, જે છેલ્લા ૨૫ વર્ષથી કારગિલ વિજય દિવસની ઉજવણી દેશભરમાં અનોખીરીતે કરી રહી છે. આ અવસરે દર વર્ષે એક વિશિષ્ટ 'વિજય સ્મૃતિ ચિહ્ન' વિશિષ્ટ વ્યક્તિઓને અર્પણ કરવામાં આવેછે, જેનોઉદેશ્ય વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવી તથા યુવાનોમાંરાષ્ટ્રપ્રેમ જાગૃતકરવોછે. કાર્યક્રમના અંતે સોસાયટીના પ્રતિનિધિઓએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને વિજય સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું હતું.

પીએમઈજીપી યોજના હેઠળ કેવીઆઈસી એ દેશભરના ૧૧૪૮૦ સેવા ક્ષેત્રના લાભાર્થીઓને રૂ. ૩૦૦ કરોડથી વધુની માર્જિન મની સબસિડીનું વિતરણ કર્યું

કેવીઆઈસીના અધ્યક્ષ શ્રી મનોજ કુમારે નવી દિલ્હી સ્થિત રાજઘાટ કાર્યાલયથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા લાભાર્થીઓને સબસિડી જાહેર કરી

કેવીઆઈસીના અધ્યક્ષે જણાવ્યું હતું કે, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, પીએમઈજીપી યોજનાએ દરેક ગામમાં રોજગાર અને આત્મનિર્ભરતાનો પાયો મજબૂત બનાવ્યો છે

કમલમ્,

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)એ ૧૭જૂન ૨૦૨૫ના રોજ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (પીએમઈજીપી) હેઠળ દેશભરના ૧૧૪૮૦ સેવા ક્ષેત્રના લાભાર્થીઓને રૂ. ૩૦૦ કરોડની માર્જિન મની સબસિડીનું વિતરણ કર્યું. આ વિતરણ ૯૦૬ કરોડ રૂપિયાનીલોન મંજૂર સામે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નવી દિલ્હીમાં રાજઘાટ કાર્યાલય ખાતે યોજાયો હતો, જયાંથી કેવીઆઈસીના ચેરમેન શ્રી મનોજ કુમારે તેમની ટીમ સાથે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા લાભાર્થીઓના બેંક ખાતાઓમાંઆ સબસિડીજમા કરી હતી. આ પ્રસંગે કેવીઆઈસીના સીઈઓ શ્રીમતી રૂપ રાશિ અને કેન્દ્રીય કાર્યાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓહાજર રહ્યાહતા. આ અવસર પર સંબોધતા, ચેરમેન શ્રી મનોજ કુમારે અભિપ્રાય આપ્યો કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'આત્મનિર્ભર અને વિકસિત ભારત' ના વિઝનને માન્યતા મળી રહી છે અને પીએમઈજીપી યોજના તેનો મજબૂતઆધારસ્તંભ બનીગઈછે. તેમણે કહ્યું કે આ યોજના ફક્ત નાણાકીયસહાય પૂરીપાડવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે એક સામાજિક ચળવળ પણ બની ગઈ છે જે લાખો યુવાનો, મહિલાઓ અને કારીગરોનેસ્વરોજગાર અને ઉદ્યોગસાહસિકતા સાથે જોડી રહી છે. દરેક ગામમાં રોજગાર અને આત્મનિર્ભરતા સર્જનમાં આ યોજનાની ભૂમિકામહત્વપૂર્ણ રહી છે. દેશના તમામ છ ઝોને આ વિતરણ કાર્યક્રમમાંસક્રિયપણે ભાગ લીધો હતો.સેન્ટ્રલ ઝોનહેઠળ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને ઉત્તરાખંડમાં કુલ ૨૪૦૩ પ્રોજેક્ટ્સમાટે ૭૨ કરોડ રૂપિયાની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેના માટે કુલ ૨૧૮ કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાં આવી હતી. પૂર્વ ઝોનમાં, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ૯૯૬ પ્રોજેક્ટ્સને રૂ. ૨૨ કરોડની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું હતું જ્યારે લોન મંજૂર કરવામાં આવી હતી જે લગભગ રૂ. ૭૧ કરોડહતી. ઉત્તર ભારતના રાજ્યો - પંજાબ, હરિયાણા, હિમાચલપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, રાજસ્થાન અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ - ને કુલ ૨૭૧૩ પ્રોજેક્ટ્સને ૬૧ કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવી હતી અને આ પ્રોજેક્ટ્સ માટે ૧૮૪ કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાં આવી હતી.

ઉત્તર પૂર્વ ક્ષેત્રના ૮૧ પ્રોજેક્ટ્સને ૨ કરોડ રૂપિયાની સબસિડી મળી, જેમાં આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરા જેવા રાજ્યોનો સમાવેશ થાય છે. દક્ષિણ રાજ્યો આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં, ૪૫૬૫ પ્રોજેક્ટ્સને આવરી લેતા રૂ. ૧૧૬ કરોડની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જયારે આ પ્રોજેક્ટ્સ માટે રૂ. ૩૪૩ કરોડથી વધુની લોન મંજૂર કરવામાં આવી હતી. પશ્ચિમ ઝોનના રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાતઅને ગોવામાં, કુલ ૭૨૨ પ્રોજેક્ટ્સ માટે ૨૬ કરોડ રૂપિયાથી વધુની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું હતુ, જેમાં ૮૨ કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાં આવી હતી. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૦૧૮૧૮૫ સૂક્ષ્મ ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા છે, જેના માટે ભારતસરકાર દ્વારારૂ. ૭૩૩૪૮ કરોડની લોન મંજૂર કરવામાંઆવી છે. આનીસામે, લાભાર્થીઓને રૂ. ૨૭૧૬૬ કરોડની માર્જિન મની સબસિડીઆપવામાં આવીછે. તેની સ્થાપનાથી લઈને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધી, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (પીએમઈજીપી) ગ્રામીણ અને શહેરીભારતમાં ઉદ્યોગસાહસિકતા અને આત્મનિર્ભરતાનો આધારસ્તંભબનીગયોછે. અત્યાર સુધીમાં, આ યોજના દ્વારા દેશભરમાં ૯૦૦૪૫૪૧થી વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર મળ્યો છે, જે તેને દેશની સૌથી અસરકારક સ્વ-રોજગાર યોજનાઓમાંની એક બનાવેછે. આ કાર્યક્રમ માત્ર સ્વ-રોજગારને પ્રોત્સાહન આપતો નથી, પરંતુ ભારતના પ્રધાનમંત્રીના આત્મનિર્ભરના સંકલ્પને પણ માન્યતાઆપે છે.

પીએમઈજીપી યોજના હેઠળ કેવીઆઈસી એ દેશભરના ૧૧૪૮૦ સેવા ક્ષેત્રના લાભાર્થીઓને રૂ. ૩૦૦ કરોડથી વધુની માર્જિન મની સબસિડીનું વિતરણ કર્યું

કેવીઆઈસીના અધ્યક્ષ શ્રી મનોજ કુમારે નવી દિલ્હી સ્થિત રાજઘાટ કાર્યાલયથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા લાભાર્થીઓને સબસિડી જાહેર કરી

કમલમ્,

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)એ ૧૭જૂન ૨૦૨૫નારોજ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (પીએમઈજીપી) હેઠળ દેશભરના ૧૧૪૮૦ સેવા ક્ષેત્રનાલાભાર્થીઓને રૂ. ૩૦૦ કરોડનીમાર્જિન મની સબસિડીનું વિતરણ કર્યું. આ વિતરણ ૯૦૬ કરોડ રૂપિયાની લોન મંજૂર સામે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નવી દિલ્હીમાં રાજઘાટ કાર્યાલય ખાતે યોજાયો હતો, જ્યાંથી કેવીઆઈસીના ચેરમેન શ્રી મનોજ કુમારે તેમની ટીમ સાથે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા લાભાર્થીઓના બેંક ખાતાઓમાં આ સબસિડી જમા કરી હતી. આ પ્રસંગે કેવીઆઈસીના સીઈઓ શ્રીમતીરૂપરાશિઅનેકેન્દ્રીય કાર્યાલયનાઅન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ અવસર પર સંબોધતા, ચેરમેન શ્રીમનોજ કુમારેઅભિપ્રાય આપ્યો કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'આત્મનિર્ભર અને વિકસિત ભારત' ના વિઝનને માન્યતા મળી રહી છે અને પીએમઈજીપી યોજના તેનો મજબૂતઆધારસ્તંભ બની ગઈ છે.તેમણે કહ્યું કે આ યોજના ફક્ત નાણાકીય સહાય પૂરી પાડવા પૂરતી મર્યાદિતનથી, પરંતુતે એક સામાજિક ચળવળ પણ બની ગઈ છેજે લાખો યુવાનો, મહિલાઓ અને કારીગરોનેસ્વરોજગાર અને ઉદ્યોગસાહસિકતા સાથે જોડી રહી છે. દરેક ગામમાં રોજગાર અને આત્મનિર્ભરતા સર્જનમાં આ યોજનાની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે.દેશના તમામછ ઝોનેઆ વિતરણ કાર્યક્રમમાંસક્રિયપણે ભાગલીધો હતો. સેન્ટ્રલ ઝોન હેઠળ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને ઉત્તરાખંડમાં કુલ ૨૪૦૩ પ્રોજેક્ટ્સ માટે ૭૨ કરોડ રૂપિયાની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેના માટે કુલ ૨૧૮ કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાંઆવી હતી.પૂર્વઝોનમાં, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ૯૯૬ પ્રોજેક્ટ્સને રૂ. ૨૨ કરોડનીસબસિડીનુ વિતરણકરવામાં આવ્યુંહતુ જ્યારે લોન મંજૂર કરવામાં આવીહતી જે લગભગરૂ. ૭૧ કરોડ હતી. ઉત્તર ભારતના રાજયો - પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, રાજસ્થાન અને કેન્દ્રશાસિત પ્રદેશચંદીગઢ - ને કુલ ૨૭૧૩ પ્રોજેક્ટ્સને ૬૧ કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવી હતી અને આ પ્રોજેક્ટ્સ માટે ૧૮૪ કરોડ રૂપિયાનીલોન મંજૂર કરવામાંઆવી હતી. ઉત્તર પૂર્વ ક્ષેત્રના ૮૧ પ્રોજેક્ટ્સને ૨ કરોડ રૂપિયાની સબસિડી મળી, જેમાં આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમઅને ત્રિપુરા જેવા રાજ્યોનો સમાવેશ થાય છે. દક્ષિણ રાજ્યો આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં, ૪૫૬૫ પ્રોજેક્ટ્સને આવરી લેતા રૂ. ૧૧૬ કરોડની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે આ પ્રોજેક્ટ્સ માટે રૂ. ૩૪૩ કરોડથી વધુની લોન મંજૂર કરવામાંઆવી હતી. પશ્ચિમ ઝોનના રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાતઅને ગોવામાં, કુલ ૭૨૨ પ્રોજેક્ટ્સમાટે ૨૬ કરોડ રૂપિયાથીવધુની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં ૮૨ કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાં આવી હતી. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૦૧૮૧૮૫ સૂક્ષ્મ ઉદ્યોગોસ્થાપવામાંઆવ્યા છે, જેના માટે ભારત સરકાર દ્વારા રૂ. ૭૩૩૪૮ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે. આની સામે, લાભાર્થીઓને રૂ. ૨૭૧૬૬ કરોડની માર્જિન મનીસબસિડી આપવામાં આવી છે. તેની સ્થાપનાથી લઈને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધી, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (પીએમઈજીપી) ગ્રામીણ અને શહેરી ભારતમાં ઉદ્યોગસાહસિકતાઅને આત્મનિર્ભરતાનો આધારસ્તંભ બની ગયો છે. અત્યાર સુધીમાં, આ યોજનાદ્વારાદેશભરમાં ૯૦૦૪૫૪૧થીવધુ લોકોને પ્રત્યક્ષઅને પરોક્ષરોજગાર મળ્યોછે, જે તેને દેશની સૌથીઅસરકારક સ્વ-રોજગાર યોજનાઓમાંની એક બનાવેછે. આ કાર્યક્રમ માત્રસ્વ-રોજગારને પ્રોત્સાહન આપતો નથી, પરંતુ ભારતના પ્રધાનમંત્રીના આત્મનિર્ભરના સંકલ્પને પણ માન્યતાઆપે છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અનેક સેવાભાવી સંસ્થાઓ અને સંગઠનો દ્વારા ૧૨મી જૂનથી ચાલતું સતત સેવાકાર્ય

ભોજન-પાણીથી માંડીને આવશ્યક અન્ય તમામ સહાયતાઓ માટે સંસ્થાઓ અને સંગઠનો સતત સેવારત

કમલમ્,

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેહતભાગીઓના પાર્થિવદેહ અને નશ્વર અવશેષોલેવા આવનારા પરિજનોને મદદરૂપથવા અને તેમના ભોજન-પાણીથી માંડીને આવશ્યક અન્ય તમામ સહાયતાઓમાટે અનેક સેવાભાવી સંસ્થાઓઅને સંગઠનોદ્વારા ૧૨મીજૂનથી સતતસેવાકાર્ય કરવામાં આવી રહ્યુંછે. આ અંગેરાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એક અગ્રણીનાજણાવ્યા અનુસાર જેવીતેમને દુર્ઘટનાની જાણ થઈ કે તરતઆશરે ૨૦૦જેટલા સ્વયંસેવકો દ્વારા અલગ-અલગ બે ગ્રૂપમાં ૧૨ જેટલી ટુકડીઓ બનાવીને દુર્ઘટના સ્થળેકાટમાળ હટાવવાથી માંડીને ઈજાગ્રસ્ત અને દાઝેલા દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવાની કામગીરી શરૂ કરીદેવામાં આવી હતી. ત્યારબાદ ત્રણ શિફ્ટમાં તેમને સારવારમાં સંકલન, કસોટીભવન અને પોસ્ટમોર્ટમરૂમ, ટ્રોમા રૂમ, બી.જે. મેડિકલ કોલેજમાં પ્રવેશમાં સહાયતા તેમજ ટ્રાફિકનિયમન તથા ભોજન-પાણીસહિતની જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેમાંના અનેક સ્વયંસેવકો તો પ્રથમ દિવસથી જ પોતાના ઘર-પરિવારની ચિંતાછોડીને 24*7 સેવારત છે. આ માટે કાલુપુર સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ બીએપીએસ, ઈસ્કોન મંદિર, મોહનદાસ મહારાજ સાંઈ મંદિર, અગ્રવાલ સેવા સમિતિ, રામ-શ્યામ ચેરિટેબલ ટ્રસ્ટ અને છોટી સી આશા ટ્રસ્ટ સહિતની સંસ્થાઓ દ્વારા ભોજન, નાસ્તો, ચા-પાણી સહિતની સહાયતા પૂરી પાડવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાતે થાઈલેન્ડના બૌદ્ધ ધર્મગુરુ આદરણીય શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુનિ અને પ્રતિનિધિમંડળ

થાઈ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળની ગુજરાત મુલાકાત શાંતિ અને સદભાવનો સંદેશ આપનારી બનશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

તાજેતરની વિમાન દુર્ઘટનાના મૃતકો પ્રત્યે સંવેદના અને શ્રદ્ધાંજલિ વ્યક્ત કરત બૌદ્ધ ધર્મગુરુ શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુનિ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત થાઈલેન્ડના બૌદ્ધ ધર્મગુરુ આદરણીય શ્રી સોમદેજ ફ્ર થેરાયન મુનિએ ગાંધીનગરમાં લીધી હતી. થાઈલેન્ડનું એક થાઈ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળ, સર્વોચ્ચ પિતૃપ્રધાન સોમદેજ ફ્રા થેરાયન મુનિનાનેતૃત્વમાં ભારતની ૭ દિવસની મુલાકાતે છે અને ગુજરાતમાં ૫ દિવસનો પ્રવાસ કરવાના છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલસાથેની આમૂલાકાત બેઠકમાં પ્રતિનિધિમંડળે અમદાવાદ ખાતેના દુ:ખદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં થાઈલેન્ડના ૭ નાગરિકો જેમાં બે સર્વોચ્ચ સાધુઓ, સંઘ સુપ્રીમ કાઉન્સિલ ઓફ થાઈલેન્ડ એબોટ વાટ દેબસિરીન્દ્રવાસનો સમાવેશ થાય છે. થાઈલેન્ડના વડા પ્રધાનના સલાહકાર પ્રોફેસર ટોંગથોંગ ચંદ્રાંસુ પણ આ પ્રતિનિધિમંડળ સાથે ગુજરાત રાજયની મુલાકાતે છે. જેમણે રામાયણ અને ભગવાન બુદ્ધના જીવન પરની ટીવી સિરિયલમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી તે ગગન મલિક પણ આ પ્રતિનિધિમંડળમાં જોડાયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં થાઈલેન્ડની મુલાકાત દરમિયાન ગુજરાતના અરવલ્લી જિલ્લામાંદેવનીમોરી ખાતે મળેલા ભગવાન બુદ્ધનાપવિત્ર અવશેષોને થાઈલેન્ડ પ્રદર્શન માટે મોકલવાની ઘોષણા કરી હતી. થાઈલેન્ડના પ્રધાનમંત્રીશ્રીએ પણ ભારતમાં બુદ્ધિષ્ટ સર્કિટનો વ્યાપ વધારવા તેમના તરફથી સહયોગ કરવાની ખાતરી આપી હતી. આ બુદ્ધિષ્ટ સર્કિટમાં ગુજરાતના સ્થળોનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. આ સંદર્ભમાં આદરણીયબૌદ્ધ ધર્મગુરુ શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુની તા. ૧૬ જૂનથી ૨૨મીજૂન દરમિયાન ભારત પ્રવાસે તેમના પ્રતિનિધિમંડળ સાથે આવેલા છે. આ પ્રવાસ દરમિયાન તા. ૧૭ થી ૨૧ જૂન સુધી તેઓ વડોદરા તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને દ્વારિકાની મુલાકાતેજવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે થાઈલેન્ડના બૌદ્ધ ધર્મગુરુ આદરણીય શ્રીસોમદેજ ફ્રા થેરાયન મુનિનીગુજરાત મુલાકાત શાંતિ અને સદભાવનો સંદેશ આપનારીબની રહેશેતેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. એટલું જ નહીં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત - થાઈલેન્ડના સંબંધોનો સેતુ વધુ મજબૂત બનાવવામાં પણ આ મુલાકાત ઉપયુક્ત બનશે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ભારત-થાઈલેન્ડ બેય રાષ્ટ્રોની સાંસ્કૃતિક એકતા, શાંતિ અને ધમ્મના સહિયારા મૂલ્યોનો સંદર્ભ આપ્યો હતો અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૯માં દ્રયછમાં આપેલા સંદેશમાં જે વાત કહી હતી કે "આપણે એવા દેશના છીએ જેણે વિશ્વને યુદ્ધ નહિ બદ્ધ આપ્યા છે" તેનું પણસ્મરણ કર્યુ હતું. પ્રવાસન સચિવ ડૉ. રાજેન્દ્ર કુમારે પ્રતિનિધિમંડળને ગુજરાતના સમૃદ્ધ બૌદ્ધ વારસા વિશે વિસ્તૃત વિગતો આપીહતી. તેમણેગુજરાતમાંમળી આવેલા બૌદ્ધ સ્તૂપો, વિહારો અને ખડકોમાં કોતરેલી ગુફાઓની શ્રેણીના સમૃદ્ધ વારસા અને ૨જી BCE થી ૬ઠ્ઠી CE સુધીના ઈતિહાસવિશે માહિતીઆપી હતી. પ્રતિનિધિમંડળે વડનગરના બૌદ્ધ વારસા, ઝુઆનઝાંગ (હુએન ત્સાંગ) સાથેના જોડાણમાં ઊંડો રસ દાખવ્યો હતો. ખાસ કરીને દેવની મોરીનોઈતિહાસ અને દેવની મોરી ખાતે મળેલા ભગવાન બુદ્ધના અવશેષો વિશે જાણવા માટે પ્રતિનિધિમંડળે ઉત્સુકતા દર્શાવી હતી. પ્રતિનિધિમંડળને દેવની મોરી સ્થળ વિકસાવવાઅને ડૂબી ગયેલા સ્તૂપની પ્રતિકૃતિ બનાવવા અને વડાપ્રધાનશ્રી દ્વારાકલ્પના કરાયેલી દેવની મોરીને વૈશ્વિક બૌદ્ધ યાત્રાધામ તરીકે વિકસાવવાના રાજ્ય સરકારના પ્રયાસો અને ભવ્ય યોજના વિશે પણ માહિતી આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની બેઠક દરમિયાન, શ્રી સોમદેજ ફ્રા થેરાયન મુનિએ મુખ્યમંત્રીની ચેમ્બરમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તેમણે કોલકત્તાના બેલુર મઠમાં સમય વિતાવ્યો છે.

તેમણે સ્વામી વિવેકાનંદ સાથેના તેમના ઊંડાજોડાણનો પણ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બૌદ્ધ ધર્મગુરુ આદરણીય શ્રી સોમદેજ ફ્ર થેરાયન મુનિને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કર્યુ હતું. બૌદ્ધ ધર્મગુરુએ પણ મુખ્ય મંત્રીશ્રીને બૌદ્ધ ધર્મ સાહિત્ય પ્રકાશનો અને પ્રતિમા વગેરેની સ્મૃતિ ભેટ આપી હતી. આ મુલાકાત બેઠકમાંપ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ અને પ્રવાસન અગ્ર સચિવ ડૉ. રાજેન્દ્રકુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

સિવીલ હોસ્પિટલ તંત્ર અને રાજય સરકાર આ કપરા સમયમાં દરેક પીડિત પરિવારની પડખે: પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

દુર્ઘટનાના ઇજાગ્રસ્તોના જીવ બચાવવા સિવિલ હોસ્પિટલ તંત્રએ "ગોલ્ડન અવર્સ" માં સરાહનીય કામગીરી કરી – મંત્રી શ્રી

કમલમ્,

અમદાવાદમાં થયેલ વિમાન દુર્ઘટનાના સંદર્ભેની વિગતો આપતાં પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશપટેલેજણાવ્યું હતુંકે, અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં તા. ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ એર ઈન્ડિયાનું છૈ-૧૭૧ (બોઈંગ ૭૮૭-૮) વિમાન ક્રેશ થયું હતું. આ ઘટના ખુબ જ દુ:ખદ છે. આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આ તમામ મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવતો શોકદર્શક પ્રસ્તાવરજૂ કરવામાંઆવ્યો હતો. મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુંકે, સિવિલ હોસ્પિટલ તંત્રઅને રાજ્ય સરકાર આકપરા સમયમાં દરેક પીડિત પરિવારની સાથે છે. આ દુર્ઘટનામાં નાગરીકો અને સરકારે તમામે એકજૂટ થઈને દિવસરાત જે સેવાકીય કાર્ય કર્યુ છે તે બિરદાવવાપાત્ર છે. દૂર્ઘટનામાં જે પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમને મૃતદેહ સમયસર મળી રહે તે માટે આરોગ્યકર્મીઓએ, પોલીસજવાનો સહિત અન્ય કર્મયોગીઓએ ખુબ જ સરાહનીય કામગીરીકરી છે. હાલ પણ યુધ્ધના ધોરણે આ કામગીરીચાલુ છે.

મંત્રીશ્રીએવધુમાં જણાવ્યુંકે, વિમાન દુર્ઘટનાના ઈજાગ્રસ્તોને ગોલ્ડન અવર્સમાં સમયસર અનેશ્રેષ્ઠ સારવાર આપીને સિવિલ હોસ્પિટલ તંત્રએ શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પૂરુ પાડ્યુંછે. જેના પરિણામે જ ઘટનાની ફક્ત ૪૫ થી ૫૦ મીનિટમાં સિવિલ હોસ્પિટલમાંઆવેલા ૭૧ જેટલા દર્દીઓને સઘન સારવાર આપીનેતેમાંથી ૬૮ના જીવ બચાવવામાં સફળતા મળીછે તેમણે બપોરે ૩.૨૫ વાગ્યાની સ્થિતિએ DNA સેમ્પલ મેચીંગ અને મૃતદેહ સોંપણી સંદર્ભેની માહિતી આપતાં જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં કુલ ૨૦૬ દ્રદ્રછ સેમ્પલ મેચ થયા છે. જેમાં ૧૫૪ભારતીય, ૬પોર્ટુગીઝ, ૩૭ બ્રિટન અને ૧ કેનેડાના તેમજ ૮ નોન પેસેન્જર નાગરીકનો સમાવેશ થાય છે. જે માંથી ૧૬૯ મૃતદેહોને સન્માનપૂર્વક સમગ્ર પ્રક્રિયા ગણતરીની મીનિટોમાંજ પૂર્ણ કરીનેપરિવારજનોને સોંપવામાંઆવ્યા છે. જેમાં ૧૨૮ ભારતીય, ૪ પોર્ટુગીઝ, ૩૦ બ્રીટન, ૧ કેનેડાના અને ૬ નોન પેસેન્જરને મૃતદેહ સોંપવામાં આવ્યા છે. તે સિવાય અન્ય ૧૧ મૃતદેહ પણ સન્માનજનક પરિવારોને સોંપવામાં આવ્યા હતા. ૧૦૦ થી વધુએમ્બ્યુલન્સ, ૫૯૧ થી વધુ આરોગ્ય કર્મચારીઓ કરી કામગીરી રાહત અને બચાવ કામગીરીની વિગતો આપતાં મંત્રીશ્રીએ કહ્યુંહતુંકે, આ ઘટનામાં ૧૩૯થી વધુ ફાયર વાહનો, ૬૧ ૨થી વધુ ફાયર કર્મચારીઓ, ૬૭૯ સેના કર્મીઓ, ૧૦૦થી વધુ એમ્બ્યુલન્સ, ૫૯૧થી વધુ આરોગ્ય કર્મચારીઓ, ૨૫ જેટલી ટ્રોમા ટીમ તથા ૩૬થી વધુ ફોરેન્સિક નિષ્ણાતો રાત દિવસ ૨૪★૭ કામગીરીકરી છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૨૪★૭હેલ્પ ડેસ્ક

આ ઘટનાનોભોગબનનાર મૃતકોના પરિવારજનો માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૨૪★૭ હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યોહતોતથાપરિવારોને સહાય માટે ૬૨ જેટલા અલાયદા રૂમ પણ ફાળવવામાં આવ્યાં હતા. પરિવારોને સહાયતા માટે શરૂ કરવામાં આવેલા હેલ્પલાઇન નંબર પર ૧૪ હજારથી વધુ કોલ્સનો સંતોષકારક જવાબ અપાયો છે. ઘટનાના માત્ર અડધા કલાકમાં જ કુલ ૭૫ જેટલી એમ્બ્યુલન્સ દુર્ઘટના સ્થળ આ દુર્ઘટનાની જાણ થતા માત્ર ગણતરીની મિનિટોમાંજ ૧૦૮ની એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ દર્દી સિવિલ હોસ્પિટલમાં લાવીને તાત્કાલિક તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. ઘટનાના માત્રઅડધા કલાકમાંજ કુલ ૭૫જેટલી એમ્બ્યુલન્સ દુર્ઘટનાસ્થળ પર પહોચી હતી.

ગોલ્ડન અવર્સમાં જ ૭૧ જેટલા ઈજાગ્રસ્તદર્દીઓને સઘન સારવાર અપાઈ

ઈમર્જન્સીની પરિસ્થિતિને પહોંચી વળવા સિવિલહોસ્પિટલ, ટ્રોમાસેન્ટર ખાતે સ્પેશિયાલિસ્ટ તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિક્સ મળીને કુલ અંદાજીત ૫૯૧ જેટલા આરોગ્યકર્મીઓને સારવાર માટે સજ્જ કરવામાં આવ્યા. જેમની મદદથી ગોલ્ડન અવર્સમાં જ ૭૧ જેટલા ઈજાગ્રસ્ત દર્દીઓને સઘન સારવાર આપવામાં આવી હતી. I.C.U. ખાતેઅંદાજિત ૫૫જેટલા આરોગ્ય સ્ટાફ સાથેના પૂરતા ICU બેડ્સ અને સી-૭ વોર્ડને પણ સારવાર માટે તાત્કાલિકધોરણે તૈયાર કરાયો હતો.

૧,૦૭૦ જેટલા બ્લડ યુનિટની વ્યવસ્થા કરાઈ

સારવાર દરમિયાન લોહીની જરૂરિયાતને પહોંચી વળવા સિવિલ મેડિસીટી કેમ્પસની તમામ હોસ્પિટલમાં તાત્કાલિકધોરણે અંદાજિત ૧૦૭૦ જેટલા બ્લડયુનિટનીવ્યવસ્થા કરવામાંઆવી. જેમાં બ્લડડોનેશનની વ્યવસ્થાઉભી કરી ૫ કલાક દરમિયાન ૩૫૦ જેટલા "ઓ નેગેટિવ" (O Negative) બ્લડયુનિટ એકત્રિત કરવામાંઆવ્યું હતું.

DNA રીપોર્ટ સંદર્ભે ડેડિકેટેડ ૧૦ ટેલિફોન નંબર જાહેર કરાયા

મૃતકના સગાને ખોટા મેસેજ આપી DNA રીપોર્ટસંદર્ભે ગેરમાર્ગેન દોરવામાં આવે તે હેતુથી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા નવા ડેડિકેટેડ ૧૦ જેટલા ટેલિફોન નંબર પણ જાહેરકરવામાં આવ્યા.

પરિવારજનોને કોઈપણ પ્રકારની હાલાકીન ભોગવવીપડે તેનીસંપૂર્ણ તકેદારી રખાઈ

પરિવારજનોના સમયનોબચાવ થાય અને તેમને કોઈ હાલાકીન ભોગવવીપડે તે માટે આ કંટ્રોલરૂમ ખાતે એક જ સ્થળે પોલીસડેસ્ક, ફોરેન્સિક મેડિસિન ડિપાર્ટમેન્ટ ડેસ્ક, એર ઈન્ડિયા ડેસ્ક, અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ડેસ્ક જેવા વિવિધ ડેસ્ક ઊભા કરાયા છે. આ તમામ દસ્તાવેજીકરણની પ્રક્રિયામાત્ર ૧૫થી ૨૦ મિનિટમાં પૂર્ણ કરીને, પાર્થિવ દેહને સન્માનપૂર્વક પરિવારને સોંપવામાંઆવે છે.

પાર્થિવ દેહને પરિવારજનોને સોંપવા ડૉક્ટર્સ, સહાયકો, ડ્રાઈવરોની કુલ ૫૯૧ ટીમમેમ્બર્સ કાર્યરત

રાજ્ય સરકારે પાર્થિવ દેહને સગા-સંબંધીઓને સોંપવા માટે ડૉક્ટર્સ, સહાયકો, ડ્રાઈવરોની ૫૯૧ ટીમ મેમ્બર્સ સહિત ૧૯૨ એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી છે. દુર્ઘટના દરમિયાન ૭૧ જેટલા ઈજાગ્રસ્ત દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. જે પૈકી ૬ દર્દીઓને ઓ.પી.ડી.માં સેવાઓ આપવામાં આવી, બાકીના ૬૫ દર્દીઓને સારવાર અર્થેદાખલ કરવામાંઆવ્યાં હતા. જેમાંથી ૧ દર્દીનું તા.૧૨ જૂન, ૧ દર્દીનું ૧૫ જૂને તથા તા. ૧૭ જૂને એક દર્દીનું અવસાન થયું છે. હાલ ૬૮ દર્દીઓ પૈકી ૪૯ જેટલાદર્દીઓને રજા આપવામાં આવી છે, ૧૯ દર્દીઓસારવાર હેઠળ છે. જેમાંથી ૭ દર્દીઓ સિવિલમાં અને અન્ય દર્દીઓ અન્ય ખાનગી હોસ્પિટલમાંસારવાર હેઠળ છે.

વિમાન ક્રેશ દુર્ઘટના દરમિયાન તબીબોના થયેલ અંગત નુકશાન

આ સમગ્ર ઘટનામાં ૯૭ જેટલા તબીબી વિદ્યાર્થીઓ / જુનિયર તબીબોને અંદાજીત કુલ રૂ. ૨.૬૯ કરોડનું નુકશાન નોંધાયું છે. જેની પોલીસ ફરિયાદની કાર્યવાહી હાલ ચાલુ છે. વધુમાં હોસ્ટેલમાં થયેલ નુકસાન તેમજ અન્ય સંપત્તિના નુકસાન સંદર્ભેની વિગતો મેળવીને રાજ્ય સરકાર દ્વારા વળતર માટેનો ક્લેઈમ એર ઈન્ડિયાને કરવામાં આવશે. આ સમગ્ર દુર્ઘટના દરમિયાન રાઉન્ડ ક્લોક ખડે પગે સેવાકીય કાર્ય કરનાર આરોગ્ય કર્મીઓ પોલીસ જવાનો સહિતના તમામ લોકો, સ્વયંસેવકો, મીડિયાકર્મીઓનો પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

સિવિલ હૉસ્પિટલના કર્મચારીઓનો 'ગોલ્ડન અવર રિસ્પોન્સ'

હોસ્પિટલ સ્ટાફના ટીમવર્ક અને તૈયારીના કારણે અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અનેકને જીવતદાન મળ્યું

રાષ્ટ્રીય વિમાની દુર્ઘટનાના સમયમાં સિવિલ હોસ્પિટલ બન્યું આશાનું કમાન્ડ સેન્ટર

કમલમ્, ગાંધીનગર,

અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 ક્રેશ થવાની દુ:ખદ ઘટના બાદ સિવિલ હોસ્પિટલે પીડિતોને ઝડપી, સુચારુ અને સંવેદનશીલ તબીબી સંભાળ પૂરીપાડીને ઈમરજન્સી રિસ્પોન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વિમાન ક્રેશ પછીની કટોકટીની ક્ષણોને યાદ કરતાં મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, આ તેમની કારકિર્દીની સૌથી પડકારજનક પરિસ્થિતિ હતી, જેનું હોસ્પિટલ સ્ટાફના ટીમવર્ક અને તૈયારીને કારણે યોગ્ય સંચાલન થઈ શક્યું. લંડનજતી એરઈન્ડિયાનીફ્લાઈટ AI-171, જેમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા, તે ૧૨ જૂનના રોજ ક્રેશ થઈ હતી. આ દુ:ખદ ઘટનામાં એકવ્યક્તિ સિવાય તમામના મૃત્યુ થયા હતા. ઘટનાસ્થળથી માંડ એક કિલોમીટરના અંતરે અમદાવાદ સિવિલ હોસ્પિટલ હતી, જેણે ઈમરજન્સી મેડિકલ રિસ્પોન્સમાં મુખ્ય ભૂમિકા ભજવી. ડૉ. રાકેશ જોશીએ આ દુર્ઘટના બાદ કટોકટીની ક્ષણો યાદ કરતાંજણાવ્યું હતું કે, "પહેલો દર્દી એક દાઝી ગયેલ સીઆરપીએફ જવાન હતો, જેને તાત્કાલિક સારવાર મળી અને ઘટનાની ગંભીરતાનો ખ્યાલ આવ્યો. તેમણે કહ્યું કે, "મને આ દુર્ઘટનાનો મેસેજ મળતાં જ હું ઓપરેશન થિયેટર છોડીને ટ્રોમા સેન્ટર ગયો અને તરત જ મારા અસિસ્ટન્ટને દરેક ઉપલબ્ધ ડૉક્ટર, નર્સ અને સપોર્ટ સ્ટાફને હાજર થાય તે માટે સૂચના આપી." દુર્ઘટનામાં મોટા પ્રમાણમાં જાનહાનિ થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને, હોસ્પિટલ વહીવટીતંત્રે ઝડપથી ગ્રીન કોરિડોર બનાવ્યો અને દરેક દર્દી માટે ચાર નિષ્ણાતો - ઈસ્ઢ, ઓર્થોપેડિક્સ, ન્યુરોસર્જરી અને જનરલ સર્જરીની ટીમો નિયુક્ત કરી. ડૉ. રાકેશ જોશીએ ઉમેર્યુ હતું કે, "શરૂઆતમાં દર્દીઓ જીવંત સ્થિતિમાં આવી રહ્યા હતા, પરંતુ ટૂંક સમયમાં જ મોટી સંખ્યામાં ગંભીર રીતેદાઝી ગયેલાઅને મૃત દર્દીઓ આવવા લાગ્યા. ૩૦ મિનિટની અંદર, મુખ્ય સચિવ (આરોગ્ય) શ્રી ધનંજય દ્વિવેદીઅને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ રિયલ ટાઈમ માર્ગદર્શન અને સંકલન પૂરું પાડવામાટે હોસ્પિટલ પહોંચ્યા. આ ઉપરાંત, તાત્કાલિક દર્દી સંભાળ માટે ત્રણ વોર્ડ તૈયાર કરવામાંઆવ્યા હતા અનેછ ટ્રોમા મેનેજમેન્ટ ઝોનમાં ૪૦ સ્ટાફ સભ્યોને તૈનાત કરવામાં આવ્યા હતા." હોસ્પિટલમાં આવનારા દરેક દર્દીને જરૂરી સંભાળનું સ્તર નક્કી કરવા માટે ઝડપી તપાસની કામગીરી કરવામાં આવી. દાઝી ગયેલા લોકોને બર્ન યુનિટમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અન્ય દર્દીઓ માટે યુદ્ધના ધોરણે સારવારની કામગીરીહાથ ધરવામાં આવીહતી. 'ગોલ્ડનઅવર', એટલે કેઆઘાતજનક ઘટનાપછીનો પ્રથમ મહત્વપૂર્ણ કલાક કે જે બચવાની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો કરે છે, આગોલ્ડન અવરમાંસરળઅને સતતસારવાર સુનિશ્ચિત કરવામાટે મેડિકલસ્ટોર્સ સાથેતબીબી પુરવઠો અગાઉથીસંકલિત કરવામાં આવ્યો હતો. મેડિકલ કોલેજનું બિલ્ડીંગ કે જ્યાં ૬૦-૭૦વિદ્યાર્થીઓ ભોજન કરીરહ્યા હતા, ત્યાં પ્લેન ક્રેશથી ભારે નુકસાન થયુ અને જાનમાલની હાનિ ઉપરાંત ભારે ભાવનાત્મક નુકસાનનીસ્થિતિ પણ સર્જાઈ હોવા છતાં, હોસ્પિટલની ટીમે અસાધારણ શિસ્ત સાથે કામ કર્યુ. ડૉ. જોશીએ જણાવ્યું કે, "અમે અમારી તમામ શક્તિઓ કામે લગાડીને પ્રત્યેક કેસની સારવાર કરી. આ ખરેખર ટીમવર્ક હતું."

ઈમરજન્સી કેર ઉપરાંત, હોસ્પિટલે દર્દીઓ અને તેમના પરિવારજનોની ભાવનાત્મક સુખાકારી પર પણ ધ્યાન આપ્યું હતું. દર્દીઓના પરિવારજનોનો સક્રિય રીતે સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમના પ્રિયજનોની સ્થિતિ અંગે તેમને આશ્વસ્ત કરવામાં આવ્યા હતા. ગભરાટની પરિસ્થિતિને કાબૂમાં લેવા અને પરિવારજનોને માનસિક સહયોગ પૂરો પાડવા માટે કાઉન્સેલરોને તૈનાત કરવામાં આવ્યા હતા. પોતાના સ્ટાફ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા ડૉ. જોશીએ જણાવ્યું કે, "ડોક્ટરોથી લઈને પેરામેડિક્સ સુધી, નર્સથી લઈને સપોર્ટ ટીમ સુધી, તમામ લોકો એકસાથે ઊભા હતા. અમને ખબર નહોતીકે કેટલા દર્દીઓ આવશે, પરંતુ અમે સુનિશ્ચિત કર્યુ હતું કે કોઈની પણ સારવાર અટકે નહીંઅને કોઈપણ જીવનની ઉપેક્ષા ન થાય. આ મારા જીવનનો સૌથી મુશ્કેલ પડકાર હતો- પરંતુ અમારી હોસ્પિટલ આ પરિસ્થિતિમાં અડીખમ ઊભી રહી." આવી અણધારી અને મુશ્કેલ પરિસ્થિતિમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલની નોંધપાત્ર કામગીરી ગુજરાતની આરોગ્ય સંભાળ માટેની સજ્જતા અને રાષ્ટ્રીય દુર્ઘટનાની ક્ષણોમાં જીવન બચાવવા માટેની તેની કરુણાપૂર્ણ પ્રતિબદ્ધતાનોપુરાવો છે.

અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપતો રાજય મંત્રીમંડળનો શોકદર્શક પ્રસ્તાવ

તા. ૧૨મી જૂન, ૨૦૨૫ના દિવસે બપોરે અમદાવાદથી લંડન જવા ઉડાન ભરેલા એર ઈન્ડિયાના વિમાનની ભયાવહ દુર્ઘટનાએ દેશ અને દુનિયાને સ્તબ્ધ કરી મૂક્યા છે.

કમલમ્,

ઉડાન ભર્યાની ગણતરીની ક્ષણોમાં જ અમદાવાદ એરપોર્ટ નજીકના વિસ્તારમાંજ તૂટી પડેલા આ વિમાનમાં સવાર યાત્રિકો, મુસાફરોનાતેમજ જે વિસ્તારમાં તે તૂટી પડયું હતું. તે રહેણાંક વિસ્તારના કેટલાક ડોક્ટરો સહિત નિર્દોષ લોકોના અકાળે મૃત્યુ થયા છે. રાજ્ય મંત્રીમંડળની આ બેઠક સૌનું હૈયું હચમચાવીમુકે તેવી આ વિમાન દુર્ઘટનાઅંગે ઊંડા આઘાત અને શોકનીલાગણી વ્યક્ત કરે છે. પરમ કૃપાળુ પરમાત્મા આ દુર્ઘટનામાંઅકાળે મૃત્યુ પામેલા સૌ દિવંગત આત્માઓને શાંતિ આપે તેમજ તેમના પરિવારજનો પર આવી પડેલું આ દુ:ખ સહન કરવાની તેમને શક્તિ આપે અને ધૈર્ય બક્ષે તેવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના કરે છે. દુર્ઘટનામાં જે નાગરિકો ઈજાગ્રસ્તથયા છે તેમનું સૌનું સ્વાસ્થ્ય પણ સત્વરે સારું થાય અને તેઓ પુન: પૂર્વવત જીવન જીવતા થાય તે માટે પણ ઈશ્વરને પ્રાર્થના કરે છે. અસરગ્રસ્ત પરિવારોની આ કપરીવેળાએ રાજ્ય સરકાર સંપૂર્ણ સહાનુભૂતિ અને સંવેદના સાથે તેમની પડખે ઉભી છે. વિમાન દુર્ઘટનામાંમૃત્યુ પામેલા બધાંજ સદગતઆત્માઓની પરમ શાંતિ માટે રાજ્યમંત્રી મંડળે બે મિનિટનું મૌન પાળીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીહતી.

(સૈનિક સ્કૂલ બાલાચડી) ઈન્ટ્રા ગ્રુપ 'જી' હોકી ટુર્નામેન્ટ - ઉદ્ઘાટન

કમલમ્,

સૈનિક સ્કૂલબાલાચડી ૧૮ જૂનથી ૨૪ જૂન ૨૦૨૫ દરમિયાન ઓલ ઈન્ડિયા ઈન્ટ્રા સૈનિક સ્કૂલ્સ ગ્રુપ 'જી' હોકી ટુર્નામેન્ટનુંઆયોજન કરીરહી છે. આટુર્નામેન્ટનું ઉદ્ઘાટન સૈનિક સ્કૂલ બાલાચડીના પ્રિન્સિપાલ કર્નલ શ્રેયશ મહેતા દ્વારાકરવામાં આવ્યું હતું. કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોની છ સૈનિક શાળાઓ ભાગ લઈ રહી છે. તેમાં સંરક્ષણ મંત્રાલય હેઠળની હાલની સૈનિક શાળાઓ અને જાહેર ખાનગી ભાગીદારીમાં નવી સૈનિક શાળાઓ (પીપીપી મોડેલ) બંનેનો સમાવેશ થાયછે. તેઓસૈનિક સ્કૂલ બાલાચડી, બીજાપુર, સતારા, ચંદ્રપુર, ચાપરડા અનેસિલ્વાસા છે, આ ભવ્ય અને ઐતિહાસિક ચેમ્પિયનશિપમાં દેશના વિવિધ ભાગોમાંથી લગભગ ૧૪૪ કેડેટ્સ, છોકરાઓઅને છોકરીઓ બંને, ભાગ લઈ રહ્યા છે. ટુર્નામેન્ટની શરૂઆત રંગબેરંગી માર્ચ પાસ્ટ અને શપથ ગ્રહણ સમારોહ સાથે થઈ હતી. બધા કેડેટ્સે પૂરા જોશ અને ઉત્સાહ સાથે ભાગ લીધો. ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન કરતીવખતે, આચાર્યએ આ ઝડપી ગતિશીલ દુનિયામાં ટીમ વર્ક, સાથીદારી અને શારીરિક તંદુરસ્તીની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે આધુનિક શિક્ષણ પ્રણાલીમાં એકંદર વ્યક્તિત્વ અને માનવ ઈજનેરીનેઆકાર આપવામાં અને સરકાર દ્વારા કલ્પના કરાયેલ નવી શિક્ષણ નીતિના લક્ષ્યોને પૂર્ણ કરવામાં સૈનિક શાળાઓ દ્વારા ભજવવામાં આવતીમહાન ભૂમિકા તરફ ધ્યાન દોર્યું. આ ટુર્નામેન્ટ વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓ વચ્ચે આંતર વ્યક્તિત્વ અને સાંસ્કૃતિક ક્રિયાપ્રતિક્રિયા માટે એક ઉત્તમ તક બનશે. સમારંભ માટે આભારવિધિ શાળાના વાઈસ પ્રિન્સિપાલ સ્ક્વોડ્રન લીડર રાકેશ તિવારી દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી હતી. આકાર્યક્રમ ૨૪ જૂને સન્માન, ઈનામ વિતરણ અને ગાલા ડિનર સાથે સમાપ્ત થશે.